ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૯૧/૧૮-૧૯/ 1802 તારીખ : 15 MAY 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
મે. પટેલ કોટન ઈન્ડસ્ટ્રીઝ,
હળવદ રોડ, મુ.ધ્રાંગધ્રા,
જી.સુરેન્દ્રનગર-૩૬૩ ૩૧૦.
**ફો.નં. (૦૨૭૫૪) ૨૯૩૫૧૧/૨૯૩૬૧૧.**

કેસ નં.૧૯૧/૧૮-૧૯

**વિષય : એચ.ટી. કનેકશનના વીજબીલમાં ભુલ સુધારવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૬/૦૩/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯૧/૧૮-૧૯/૧૦૮૪ તા.૧૯/૦૩/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯૧/૧૮-૧૯/૧૫૬૯ તા.૨૫/૦૪/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૮/૦૫/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી) 15/5/19
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ, ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ધ્રાંગધ્રા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૧૯૧/૧૮–૧૯ ☜

વાદી :– મે. પટેલ કોટન ઈન્ડસ્ટ્રીઝ

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખ:– ૦૮.૦૫.૨૦૧૯ ◈

હાજર રહયા :– શ્રી એસ. એસ. કવા – (અધિકૃત પ્રતિનીધી)

પ્રતિવાદી :– શ્રી કે. એમ. વાઘેલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

પટેલ કોટન ઈન્ડસ્ટ્રીઝ, મુ.ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર ની એચ.ટી. કનેકશનના વીજબીલમાં ભૂલ સુધારવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૯૧/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૯૧/૧૮–૧૯/૧૦૮૪ તા.૧૯.૦૩.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૮.૦૫.૨૦૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી તેમના અધિકૃત પ્રતિનીધી શ્રી એસ એસ. કવા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી કે. એમ. વાઘેલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમનેકરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો મે. પટેલ કોટન ઈન્ડસ્ટીઝના નામનું ૧૦૦૦ કેવીએ, કનેકશન નં.૧૭૫૧૬ ધરાવીએ છીએ. અમો સીઝનલ ગ્રાહક છીએ. અમારા વીજબીલોમાં શરૂઆતથી જ જી.ઈ.આર.સી. ના ટેરીફ ઓર્ડર મુજબ બીલો બનાવવામાં આવતા નથી અને અમોને મળવાપાત્ર રકમ સમયમર્યાદામાં જમા પણ આપેલ નથી. આ બાબતે અમોએ ધ્રાંગધ્રા વિભાગીય કચેરીને રજુઆત કરેલ, જેનો હજુ સુધી પ્રત્યુતર મળેલ નથી, જેથી આપશ્રી નામદાર સમક્ષ રજુઆત કરવાની ફરજ પડેલ છે. અમારા મુદ્દાવાર રજુઆત નીચે મુજબ છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

૧.૨ આ કનેકશનનો મેન્યુ. તેમજ સ્ટાફ કવાર્ટર લાઈટમાં વપરાશ થાય છે. આ કનેકશનમાં સ્ટાફ કવાર્ટર લાઈટીંગમાં જેટલો વપરાશ થાય તે માટે અલગથી મીટર મુકેલ છે. ગુજરાત એકટ નં. ૮ ઓફ ૨૦૧૩ નું ગેઝેટના પાના નં.૮.૪ ની નકલ જોડેલ છે તેના પાર્ટ–૧ ના વિભાગ–૧ માં ગ્રામ્ય રેસીડેન્સીયલ માટે ૭.૫ % વીજકર લેવાનો હુકમ છે અને વિભાગ ૩ માં એચ.ટી. કનેકશન માટેના રેસીડેન્સીયલ વપરાશ સિવાયના વપરાશ પર ૧૫ % લેવાનો હુકમ છે. આ હુકમની નકલ આ સાથે સામેલ છે. અમોને આપવામાં આવેલ બીલોમાં સ્ટાફ કવાર્ટર અને લાઈટીગના યુનિટોમાં ૨૫ % વીજકર વસુલ કરેલ છે. સ્ટાફ કવાર્ટરમાં માર્ચ ૨૦૧૨ સુધી ૧૦ % અને એપ્રિલ ૨૦૧૨ થી ૭.૫ % લગાવી વધારાની રકમ જમા આપવા યોગ્ય કરશો અને હવેથી સ્ટાફ કવાર્ટરમાં ૭.૫ % લગાવવા હુકમ કરવા નમ્ર વિનંતી.

૧.૩ અમો સીઝનલ ગ્રાહક છીએ. જી.યુ.વી.એન.એલ. ના પરીપત્ર નં.૬૧૧ મુજબ સીઝનલ ગ્રાહકોને પણ નાઈટ રીબેટ આપવાનો હોય છે. અમોને બીલ નાઈટ રીબેટ આપતા નથી, જે અપાવવા હુકમ કરવા વિનંતી.

૧.૪ ઓફ સીઝન વખતે ફકત નકકી કરેલ એનર્જી ચાર્જ વસુલ કરવાનો હોય છે છતાં અમો અમારા બીલોમાં ફયુલ ચાર્જ વસુલ કરેલ છે. ફયુઅલ ચાર્જ એનર્જી ચાર્જ ગણાતો નથી કારણકે જયારે સીઝનલ ગ્રાહકના એ.એમ.જી. ની ગણત્રી કરવામાં આવે છે ત્યારે ફકત ડીમાન્ડ ચાર્જ અને એનર્જી ચાર્જ ટેરીફ પારા નં.૧૪.૨ મુજબનો એનર્જી ચાર્જ જ ગણત્રીમાં લેવામાં આવે છે. આજ સુધીની ગણત્રી કરી અમારી નીકળતી રકમ તાત્કાલીક જમા આપશો, તેવો હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ધ્રાંગધ્રા વિભાગીય કચેરીના ધ્રાંગધ્રા શહેર પેટા વિભાગીય કચેરીના તાબા હેઠળ આવતાં એચ.ટી. કનેકશન ગ્રાહક નં.૧૭૫૧૬, મે. પટેલ કોટન ઈન્ડ., ગામ–ધ્રાંગધ્રા, હયાત લોડ ૧૦૦૦ કેવીએ, વીજજોડાણ ચાલુ કર્યા તા.૨૧.૧૧.૧૯૯૬ છે. તેઓના વીજબીલમાં ભુલ હોય, સુધારો કરી આપવા અંગે રજુઆતો કરેલ છે.

૨.૨ સદર વીજ જોડાણ બાબતે જણાવાનું કે આ કનેક્શનમાં લાઈટીંગ માટે અલગથી પ્રાઈવેટ મીટર લગાડેલ છે. જેના પર સીસ્ટમમાં આપેલ ડેટા મુજબ ૧૫% મુજબ વીજ કર વસુલવામાં આવે છે. આ કનેક્શન શહેરી વિસ્તારમાં આવેલ હોઈ, શહેરી વિસ્તારમાં વસુલવામાં આવતા વીજ કર વસુલાતના નિયમ મુજબ ૧૫% વીજ કર વસુલવામાં આવે છે. ગ્રાહક સીઝનલનો લાભ મેળવે છે.

૨.૩ સદર બાબતે જણાવવાનું કે, એચ.ટી. બીલીગની બાબતોમાં જરૂરી પેરામીટરની એન્ટ્રી થયે, સીસ્ટમ પ્રોગ્રામ મુજબનું બીલ ફેબ્રુઆરી–૨૦૧૯ સુધી અગાઉના એચ.ટી. બીલીગ પ્રોગ્રામ મુજબ બનાવવામાં આવેલ હતું. પરંતુ સદર બાબતમાં માર્ચ–૨૦૧૯ થી ઈ–ઉર્જાના એચ.ટી. બીલીગમાં મોડયુલમાં જી.યુ.વી.એન.એલ. ની એપ્રુવલ લઈને ટેરીફ પારા નં.૧૪.૨ અને ૧૪.૬ મુજબ નિગમીત કચેરીનાઈ.ટી. વિભાગ દવારા ફેરફાર કરવામાં આવેલ છે

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

..૩..

ાઅને પાવર ફેકટરની ગણતરી એનર્જી ચાર્જ પર જ ધ્યાને લેવામાં આવેલ છે. આમ, માર્ચ–'૧૯ થી એચ.ટી. બીલીંગ સીસ્ટમમાં ટેરીફ મુજબ જ બીલીંગ થાય છે.

૨.૪ હાલના ટેરીફ શેડ્યુલ ના પારા નં ૧૩ મુજબ વપરાશ યુનિટ પર એનર્જી ચાર્જ તથા ફ્યુઅલ ચાર્જ વસુલવાનો હોય છે જે ટેરીફ મુજબ જ વસુલ કરવામાં આવે છે જે ગ્રાહકની રજૂઆત મુજબ રીફંડ આપવાનું થતું નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે. પટેલ કોટન ઈન્ડસ્ટ્રીઝ, ધ્રાંગધ્રામાં ૧૦૦૦ કે.વી.એ.નું ગ્રાહક નં.૧૭૫૧૬ થી એચ.ટી. વીજજોડાણ ધરાવે છે.

૩.૨ વાદીની ફોરમને રજુઆત છે કે તેઓનાં એચ.ટી. વીજજોડાણની પ્રિમાઈસીસમાં રેસીડેન્સીયલ વપરાશ પર પ્રતિવાદી દવારા ૧૫ % ઈલેકટ્રીસીટી ડયુટી વસુલવામાં આવે છે. જયારે કલેકટર ઓફ ઈલે. ડયુટીના પરીપત્ર મુજબ ૭.૫ % વીજકર લેવાનો હુકમ છે.

૩.૩ વાદીએ તેમના વીજજોડાણમાં લગાડવામાં આવતી ઈલેકટ્રીક ડયુટી અંગેની તકરાર ફોરમ સમક્ષ રજુ કરેલ છે. ઈલેકટ્રીક ડયુટી અંગેની તકરાર ફોરમની હકુમતમાં આવતી ન હોય, આ બાબતે ફોરમે હુકમ કરવાનો રહેતો નથી. વાદીએ ઈલેકટ્રીક ડયુટી અંગેની તંકરાર સક્ષમ ઓથોરીટી પાસે રજુઆત કરવી. આ આ અંગેનો કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

૩.૪ વાદીની રજુઆત છે કે તેઓને તેમના સીઝનલ વીજજોડાણમાં રાત્રી દરમ્યાન થયેલ વીજ વપરાશમાં જી.ઈ.આર.સી. ના ટેરીફ મુજબ રીબેટ આપવાનું હોય છે, જે પ્રતિવાદી દવારા આપવામાં આવતું નથી.

૩.૫ વાદીનું વીજજોડાણ HTP–૧ ટેરીફ મુજબ થાય છે. એચ.ટી.પી.–૧ ના ટેરીફ શેડયુઅલ ૧૪.૧૦ મુજબઃ–

- 14.10 CONSESSION FOR USE OF ELE. DURING NIGHT HOURS:

  For the consumer eligible for using supply at anytime during 24 hours, entire consumption shall be billed at the energy charges specified above. However, the energy consumed during night hours of 10:00 PM to 06:00 AM next morning shall be eligible for concession at the rate of 40 paisa per unit.

પ્રતિવાદી દવારા વાદીના એચ.ટી. કનેકશન નું બીલીંગ સીઝનલ ગ્રાહક તરીકે કરવામાં આવે છે અને તેના કલોઝ નં.૧૪.૧૦ મુજબ નાઈટ કન્ઝમ્પશન પર આપવું પડતું ૪૦ પૈસા પ્રતિ યુનિટનું કન્સેશન આપવામાં આવતું નથી.

૩.૬ ટેરીફના કલોઝ નં.૧૪.૧૦ મુજબ રાત્રીનાં ૧૦ થી સવારનાં ૬ વાગ્યા સુધીની વીજ વપરાશ પર પ્રતિ યુનિટ ૪૦ પૈસાનું રીબેટ આપવા માટેનું પ્રોવીઝન જી.ઈ.આર.સી. ના ટેરીફ ઓર્ડર મુજબ ફાઈનાન્સીયલ વર્ષ ૨૦૧૬–૧૭ થી દાખલ કરેલ છે.

Redressal Forum P.G.V.C.L.

જી.ઈ.આર.સી. ના ટેરીફ ફોર ફાઈનાન્સીયલ વર્ષ ૨૦૧૬–૧૭ ના કલોઝ નં.૧૪.૧૦ મુજબ "For the consumer eligible for using supply at anytime during 24 hours, entire consumption shall be billed at the energy charges specified above. However, the energy consumed during night hours of 10:00 PM to 06:00 AM next morning shall be eligible for concession at the rate of 40 paisa per unit."

આમ, વર્ષ ૨૦૧૬–૧૭ થી રાત્રીનાં વીજ વપરાશ પર ૪૦ પૈસાનું રીબેટ પ્રોવીઝન ટેરીફમાં થયેલ.

૩.૭ આમ, જી.ઈ.આર.સી. ના ટેરીફ ફોર F.Y. ૨૦૧૬–૧૭ થી વાદીએ તેના વીજજોડાણમાં રાત્રી દરમ્યાન કરેલ વીજ વપરાશ પર ૪૦ પૈસાનું રીબેટ મેળવવા માટે હકકદાર છે, તેથી પ્રતિવાદીએ વાદીને ટેરીફનાં કલોઝ મુજબ ૧૪.૧૦ મુજબ એપ્રિલ–'૧૬ થી રાત્રીનાં વીજ વપરાશ પર ટેરીફ મુજબ કન્સેશન આપવું.

૩.૮ વાદીએ તેમના ઓફ સીઝનલ કેટેગરીનાં વીજજોડાણ માટે રજુઆત કરેલ છે કે ઓફ સીઝન દરમ્યાન પ્રતિવાદીએ ફકત એનર્જી ચાર્જ લેવાનો હોય છે, જયારે પ્રતિવાદીએ ઓફ સીઝન દરમ્યાન ફયુલ ચાર્જ વસુલ કરે છે.

૩.૯ જી.ઈ.આર.સી.નાં ટેરીફ શેડયુલમાં GENERAL TITLE નાં અનુ.નં.૧૩ મુજબ "Fuel cost and power purchase adjustment charge shall be applicable in accordance with the formula approved by GERC from time to time."

આમ, ઓફ સીઝનમાં એનર્જી ચાર્જ સાથે ફયુલ ચાર્જ ન વસુલ કરવો તેવું કોઈ પ્રોવીઝન નથી, માટે વાદીની ફયુલ કોસ્ટ ન લેવાની રજુઆત ગ્રાહય રાખવામાં આવતી નથી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૩, ૩.૭ અને ૩.૯ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

( પી. એમ. આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :–૦૮.૦૫.૨૦૧૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.